
જ્ઞાન પંથ...

કસુંબો

માર્ચ-2022



અંક 8

REG: F/20880/AHMEDABAD



સ્થાપત્યના ખોળે..

વાવ સ્થાપત્યમાંના શિલ્પો

ડૉ. કુમારપાળ પરમાર
ઈતિહાસકાર - લેખક

भारत में शिल्प परंपरा धार्मिक मान्यताओ,
आम जनता की स्थानिय आवश्यकताओ पर केन्द्रित है ।

डॉ. कुमारपाळ परमार

ગત અંક ૭ માં સ્થાપત્યના કોહિનૂર તરીકે વાવ વિષે જાણકારી મેળવી. તેમાં આપણે જાણ્યુ કે વાવ એ જલ દેવતા વરૂણનું નિવાસસ્થાન છે અને હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણેના વાવના કૂપ નું મુખ ઉત્તર દિશાએ કાંતો પૂર્વ દિશાએ હોય છે. તેમજ વાવના વિભિન્ન ભાગોમાં મુખ મંડપ, તોડા અને તોરણ, સોપાન માર્ગ, છાજલી, થાંભલા અને પિલાસ્ટર્સ, માંડવો, ગવાક્ષ, ઘટિકા યંત્ર, કક્ષાસન, ચાટ, વગેરેના સંસ્કૃત અર્થ સાથે તેને સલગ્ન માહિતી ઉદાહરણ સહ મેળવી. પ્રસ્તુત કસુંબો-૮માં વાવ સ્થાપત્યમાં આવેલા શિલ્પો સાથે રમવા જઈ રહ્યા છીએ.

સામાન્ય રીતે જ્યારે કોઈપણ વ્યકિત વાવની અંદર પ્રવેશ કરે છે, ત્યારે કેટલીક વાવ શિલ્પ વિનાની સરળ લાગે છે જ્યારે ઘણી વાવ હિન્દુ દેવી-દેવતાઓના શિલ્પોથી શણગારેલી દુલ્હન સમાન હોય છે. આ શિલ્પોમાં હિન્દુ દેવી-દેવતાઓ, અપ્સરાઓ, રોજિંદા જીવનમાં લોકો, પ્રાણીઓ, ભૌમિતિક આકારો, વગેરેના શિલ્પો જોવા મળતા હોય છે. હવે, મુદ્દા પર આવીએ છીએ કે કેવા દેવી-દેવતાઓ અને અન્ય મોટા ભાગના શિલ્પો વાવમાં જોવા મળે છે, જેમાં...

શેષશાયિ વિષ્ણુ

સમુદ્રના તટમાં રહેતા શેષનાગ અને ભગવાન વિષ્ણુ પાણીના સ્વામી છે. ભગવાન વિષ્ણુ શેષનાગની પીઠ પર બિરાજે છે. ભગવાન વિષ્ણુ શેષનાગ પર આડા પડ્યા છે, તેમનું મુખ જમણી બાજુ વળેલુ છે, સાથે દેવી લક્ષ્મી અથવા ભૂદેવી વિષ્ણુના પગ પાસે બેઠા છે. ભગવાન વિષ્ણુનો જમણો હાથ માથા નીચે ઓશીકા તરીકે મુકવા માટે રાખવામાં આવેલો છે અને શરીરનો બીજો ભાગ લગભગ સિધો છે. એટલુ જ નહી શેષનાગની ફેણ ભગવાન વિષ્ણુ પર છત્ર બનાવે છે. જેને આપણે ભગવાન વિષ્ણુથી ઓળખીયે છીએ, તે છે શેષશાયિ વિષ્ણુ. આ શિલ્પ મોડાસા ખાતે આવેલી કટખુટી પ્રકારની વણઝારી વાવમાં જોવા મળે છે.

સપ્ત માતૃકા

આ શિલ્પ જોવામાં સામાન્ય છે, જે મોટા ભાગની વાવના પ્રથમ ઉતરાણની દિવાલના મુખ્ય માળખામાં સ્થાપિત કરેલું જોવા મળે છે. સપ્તમાતૃકામાં સાત દેવીઓ હોય છે જે તેમની કમરની જમણી કે ડાબી બાજુએ બાળકને ધારણ કરે છે અને તે હરોડમાં જોવા મળે છે. આ આકર્ષક શિલ્પમાં કુલ નવ મૂર્તિઓ હોવાથી ઘણીવાર લોકો તેને નવદુર્ગા તરીકેની ગેરસમજ કરે છે.

નવ ગ્રહ

આજે જેમની જગ્યા હનુમાનજીએ લઈ લીધી એવા નવ ગ્રહ વાવ કે મંદિરના રક્ષક તરીકે ઓળખાય છે. આ શિલ્પ ખાસ કરીને વાવના મોટા માળખામાં અથવા વાવના બીમ પર હરોળમાં એટલે કે પંક્તિમાં દેખાય છે. આ એક અર્ધ દિવ્ય આકૃતિઓ છે જેમના હાથમાં ઘડા અને ગુલાબવાડી હોય છે. આ શિલ્પમાં સૂર્ય, ચંદ્ર, અન્ય પાંચ ગ્રહો

અને રાહુ-કેતુ છેલ્લા બે રાક્ષસો હોય છે. આ રાક્ષસોને સરળતાથી ઓળખી શકાય છે, કેમ કે રાહુને તેના મોટા ગોળાકાર માથા દ્વારા દર્શાવવામાં આવે છે, જ્યારે કેતુનો ઉપરનો ભાગ મનુષ્યનો અને નીચે સાપનો ભાગ હોય છે. આ તફાવતોને કારણે નવગ્રહોની ઓળખ ખુબ જ સરળ છે.

મહિષાસુર મર્દિની

મહિષાસુર મર્દિની એટલે મહિષ રાક્ષસને મારતી દેવી, જે માં દુર્ગાના વિકરાળ સ્વરૂપમાં હોય છે. આ તેના ભાલા વડે મહિષ નામના રાક્ષસની ભેંસને મારી રહી હોય તેમ દર્શાવવામાં આવે છે. આ સૌથી સામાન્ય શિલ્પ છે જે મોટાભાગની વાવમાં જોવા મળે છે, જ્યારે માં દુર્ગાને વાવની રક્ષક તરીકે બેસાડવામાં આવે છે.

મગર

પ્રારંભિક ઐતિહાસિક સમયગાળામાં વાવના પગથિયામાં આ શિલ્પ ભાગ્યે જ જોવા મળતું હતું. સામાન્ય રીતે, તે કોરિડોરના પ્રવેશદ્વાર પર જોવા મળે છે. મગર પાણીના દેવ સાથે પણ સંકળાયેલું શિલ્પ છે અને તે પાણી તેમજ વાવના રક્ષક તરીકે કામ કરે છે. જે દર્શાવે છે કે જે વાવનું પાણી બગાડશે, તેને મગર ખાઈ જશે. મગરના શિલ્પનું ઉદાહરણ ચારડા ગામના એક કુવામાં જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લાના સાથણીબા અને દાવડ ગામોની વાવમાં પણ મગરનું શિલ્પ છે.

માછલી

માછલી એ પાણીનું પ્રતિક માનવામાં આવે છે. જેથી આ અનોખુ શિલ્પ વાવના કૂવાની દિવાલ પર ખાસ હોય છે અને કેટલીકવાર તે હંસ અથવા સાપ સાથે પણ જોવા મળે છે. જો વાવમાં માછલીનું શિલ્પ જોવા મળે તો તે વાવમાં પાણી છે, તેવું સૂચવે છે.

કાચબો

કાચબો એ એક જળ પ્રાણી છે તે આપણે જાણીએ છીએ, તેની હાજરી પાણીનું સૂચક છે. કાચબાનું શિલ્પ વાવના કૂવાની દિવાલ પર ભગવાન વિષ્ણુના પ્રતીક તરીકે અંકિત કરવામાં આવતું હોય છે. જેનું ઉદાહરણ અમદાવાદના બાપુનગર વિસ્તારની આશાપુરાની વાવમાં ઉપલબ્ધ છે.

કિન્નરો

દેવતાઓને સંગીત અને નૃત્ય પસંદ છે, જેથી ભગવાનને પ્રસન્ન કરવા માટે પાણીના દેવ વરૂણ અને ભગવાન વિષ્ણુને ખુશ કરવા દૈવી નૃત્ય કરતા તથા સંગીત વગાડનાર કિન્નરો વાવ અને મંદિરમાં ખાસ જોવા મળતા હોય છે. વાવને પણ જલદેવતાનું મંદિર માનવામાં આવે છે, તેથી ભગવાનના નિવાસસ્થાને સામી દેવ સંગીતકારોમાં કિન્નરોના શિલ્પો અંકિત કરવામાં આવે છે. પાટણની રાણીની વાવ અને અનેક મંદિરો તો આપ સૌએ જોયા જ હશે.

હંસ

જલેશ્વર- જલદેવતાને બે હાથ હોય છે, જેમાંથી જમણો હાથ આશીર્વાદ આપતા અભય મુદ્રામાં હોય છે અને ડાબો હાથમાં ચાબુક હલાવતા હોય છે. આ જલેશ્વરનું વાહન હંસ છે, જેથી મોટાભાગની વાવોમાં હંસનું શિલ્પ સ્થાપિત કરવામાં આવતું હોય છે.

યોગીઓના શિલ્પ

આપણુ ગુજરાત રાજ્ય ભગવાન શિવના નાથ સંપ્રદાય માટે જાણીતું છે અને આ સંપ્રદાયના યોગીઓ તેમના યોગાસનો માટે જાણીતા છે. નાથ સંપ્રદાય અને યોગીઓને હિન્દુ ધર્મ અને મંદિરોના રક્ષક તરીકે ઓળખવામાં આવે છે. તેથી, વાવના પગથિયામાં, પિલ્લર, પિલાસ્ટર, વગેરે પર યોગાસાનોમાં યોગીઓના શિલ્પો જોવા મળે છે. નાગનાથ યોગીનું સુંદર શિલ્પ મોડાસાની વણઝારી વાવના પ્રવેશદ્વાર પરથી મળી આવે છે, જ્યારે આ જ વાવમાં યોગીની પેનલ એટલે કે નવનાથનું શિલ્પ લગભગ દુર્લભ છે.

સ્મારક પથ્થરો

વાવની અંદર દેવતાઓની રક્ષામાં જે પણ અથડામણો થઈ અને આ અથડામણમાં માર્યા ગયેલ માણસોની યાદમાં કે તેમના યોગદાનની સાક્ષી તરીકે સ્મારક પથ્થરો વાવમાં અંકિત કરવામાં આવતા હોય છે.

સ્ત્રી અને ગધેડા વચ્ચે સંભોગ

આ દુર્લભ શિલ્પ અમદાવાદની આશાપુરાની વાવના બીજા મંડપના સ્તંભ પર અંકિત કરેલ છે, જેમાં ગધેડો સ્ત્રી સાથે સંભોગ કરતો જોવા મળે છે. આ શિલ્પનો અર્થ એ થાય છે કે જે પણ વ્યક્તિ વાવનું પાણી બગાડે છે અથવા પાણીનો નાશ કરે છે, તે ગધેડાનો વંશ છે. એટલે કે પાણીનો બગાડ કરનાર વ્યક્તિ માટે આ એક અપમાનજનક શિલ્પ કહેવાય.

અન્ય શિલ્પો

વાવ સ્થાપત્યમાં ઉપરોક્ત શિલ્પની સાથે સાથે ભગવાન ગણેશ, વાનર દેવતા- હનુમાનજી, ઘોડા, હાથી, ગામડાના દૃશ્યો, લોકોનું દૈનિક જીવન, ફૂલ, બગલો, વજન વાહક દેવતા, વગેરેના શિલ્પો વિશેષરૂપે અંકિત કરવામાં આવતા હતા.

છેલ્લા ત્રણ અંકથી આપણે વાવમાં છીએ અને આ લેખ દ્વારા આપે જે વાવની મુલાકાતો લીધી અને જે માહિતી મેળવી તેના પરથી આશા છે કે પાણીનો બગાડ નહી કરો.. તેનું જતન કરશો..

kumarpal.parmar@yahoo.com



યોગી નાગનાથ


કામધેનુ


નાથ યોગી


શેષશાયિ વિષ્ણુ


રામ, લક્ષ્મણ, સીતા


વાવની મુલાકાત લેતા સંશોધક


સ્ત્રી અને ગધેડા વચ્ચે સંભોગ


નવ ગ્રહ

લેખ જ્ઞાન વેહચવાના સંદર્ભમાં તૈયાર કરવામાં આવ્યો, જેનાથી કોઈની ભાવનાને ઢેસ પહોચડવાનો કોઇ ઉદ્દેશ્ય નથી.